ક્રમાંક:-સશપ/૧૫૯૩/૪૮/અ,
સમાજ કલ્યાણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૪-૫-૧૯૯૬.

વિષય:-એમ્બેસેડર ગાડી નં.જી.યુ.ડી.-૪૨૯૬ના મરામત ખર્ચને મંજૂરી આપવા બાબત...

યાદી :-

નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતા હસ્તકની એમ્બેસેડર ગાડી નં.જી.યુ.ડી.-૪૨૯૬ ને તા.૨૩-૧૨-૯૨ના રોજ ગાંધીનગર એસ.ટી.ડેપોની બસ દ્વારા અકસ્માત થયેલ છે. આ અકસ્માતના અનુસંધાને રૂ.૨૮,૨૦૦/-નું નુકસાન વળતર મેળવવા માટે અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં એમ.એ.સી.ટી.નં. નં.૯૬૦/૯૩ થી દાવો દાખલ કરવામાં આવેલ છે. સદર ગાડી વધુ સમય બિનવપરાશી પડી રહેવાને કારણે મરામત ખર્ચ ઘણો વધી જાય તેમ હોવાથી તથા સદર ગાડી ઉપયોગમાં લઈ શકાય તે માટે ગાડીના મરામત અંગેના નવીન અંદાજો તૈયાર કરાવતાં નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, અમદાવાદ યાંત્રિક પેટા વિભાગ (મા.મ.) તરફથી રૂ.૬૯,૦૨૫/- (અંકે રૂપિયા અગણોસીત્તેર હજાર પચ્ચીસ પુરા)ના ખર્ચના અંદાજો તૈયાર કરવામાં આવ્યા છે. એમ્બેસેડર ગાડીની મરામત કરી સત્વરે ઉપયોગમાં લઈ શકાય તે માટે આ ગાડીને મરામત કરાવવા માટે રૂ.૬૯,૦૨૫/-નો ખર્ચ કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

૨. ઉપરોકત મંજૂરીને કારણે થનાર ખર્ચ માંગણી નં.૯૦-સદર-૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, ૦૩,પછાતવર્ગોનું કલ્યાણ,૦૦૧ નિર્દેશ અને વહીવટ, બીસીકે-૧૧૯-સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટેના અલગ રીતે નિયામકની કચેરીની સ્થાપના'' હેઠળ ઉધારવો અને તે હેઠળ ચાલુ વર્ષના અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઈમાંથી મેળવવો.

...૨...

૩. આ હુકમો નાણાંકીય સત્તા(સોંપણી) નિયમો, ૧૯૯૨ અન્વયે વહીવટી વિભાગને મળેલ સત્તાની રૂએ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આર.બી.પઢિયાર)
ઉપ સચિવ,
સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગર.
- નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, અમદાવાદ, યાંત્રિક પેટા વિભાગ, (મા.મ.)પોલીટેકનીક કમ્પાઉન્ડ, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર.
- તિજોરી અધિકારી, ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, સમાજ કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, સમાજ કલ્યાણ વિભાગ.
- સીલેકટ ફાઈલ.

પટેલ/૪૫૯૬/